

ફલાય ઓવર - ચિલોડા જંકસન પર ફલાય ઓવરનું કામ પૂર ઝડપે ચાલી રહ્યું છે... ગાંધીનગર જિલ્લામાંથી પસાર નેશનલ હાઈવે-૮ પર ચિલોડા જંકસનનો ટ્રાફીક દિન-પ્રતિદિન વધતો જાય છે... જેના કારણે ચિલોડા સર્કલ પર ટ્રાફીકની સમસ્યા સર્જાય છે... આ ટ્રાફીકની સમસ્યા હળવી કરવા નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ફલાય ઓવરનું નિર્માણનું કાર્ય હાથ ધરાયું છે... ઝડપથી ચાલતી કામગીરીથી ટૂંક સમયમાં આ ફલાય ઓવરનું લોકાર્પણ થશે જેનાથી ટ્રાફિકની સમસ્યા ઘણી હળવી બનશે...

# સ્થાયી સમિતિએ માન્યુ 'નાણેં નાથાલાલ'

**સફાઈ કરમાં ૨૨ ટકા ઘટાડો કર્યો પણ વાહનવેરા સહિત આવકના સ્ત્રોતોના સઘનીકરણની વાત સ્વીકારી : ૧લી એપ્રિલથી નગરમાં વાહનવેરો, સફાઈદર ક્ષેત્રફળ આધારિત બનશે : ડોર ટુ ડોર કલેક્શન ચાર્જીસ વસુલ કરી સફાઈ ખર્ચને સરભર કરવાની કવાયતમાં 'હા માં હા'**

ગાંધીનગર, તા. ૩ ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ કમિશ્નરે રજુ કરેલા ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૧ કરોડની રાહતો આપવા સાથે એવુ માન્યુ છે કે 'નાણાં વગરનો નાથિયો અને નાંણે નાથાલાલ.'

સ્થાયી સમિતિએ વાહનવેરો તેમજ મોબાઈલ ટાવરના દર યથાવત રાખ્યા છે. આ ઉપરાંત ક્ષેત્રફળ આધારિત સફાઈદરમાં ક્ષેત્રફળની મર્યાદા વધારી કોમર્શિયલ વિસ્તારમાં રૂ. ૧ નો ઘટાડો સૂચિત દરમાં કર્યો તો વાર્ષિક ડોર ટુ ડોર કલેક્શનમાં રહેણાંક વિસ્તારમાં રૂ. ૯૦ અને વાણિજ્ય વિસ્તારમાં રૂ. ૧૫૦નો ઘટાડો તેના બજેટમાં કર્યો છે.

મનપાની સ્થાયી સમિતિએ આજે ડ્રાફટ બજેટમાં રેવન્યુ ખર્ચ હેડે થનાર ખર્ચમાં રૂ. ૫.૫૪ કરોડનો કાપ મુક્યો છે પણ સામે સ્વચ્છતા અને અન્ય ખર્ચ માટે રૂ. ૪.૧૫ કરોડની વિશેષ જોગવાઈ કરી છે. આ ઉપરાંત મુક્તિધામ માટે ગેસ ચિતાનું આયોજન કરવા રૂ. ૧ કરોડની ખાસ જોગવાઈ કરી છે. તેમજ અર્બન હેલ્થ સેન્ટરોમાં પેથોલોજી યુનિટમાં બ્લડટેસ્ટ કરવાની સુવિધા માટે રૂ. ૧૦ લાખની ફાળવણી કરવાનુ યોગ્ય માન્યુ છે.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીતમાં ચેરમેને જણાવ્યુ હતુ કે જે સંસ્થાઓ કચરાનો નિકાલ જાતે કરતી હોય તેઓને વેસ્ટ કલેક્શન ચાર્જમાં ૫૦ ટકા રિબેટ આપવાનો નિર્ણય કર્યો છે.

'નાણાંથી નાથાલાલ' તરીકેની ઓળખ જ સાચી છે એવો ભાવ સ્થાયી સમિતિએ આજે બજેટને આખરી ઓપ આપતા રાખ્યો હોય એવી છાપ ઉપસે છે. સ્થાયી સમિતિએ સ્વીકાર્યુ છે કે પછાત અને ગ્રામ્ય સુવિધાઓ પાછળ ગત વર્ષના બજેટ ખર્ચમાં બબ્બે કરોડનો વધારો કરી ૮ કરોડની જોગવાઈ આ પ્રજાલક્ષી બજેટમાં કરવામાં આવેલ છે. આમ કર અને દરના વધારાને કારણે આવનાર ચાર કરોડ જેટલી ઈનકમિંગ આવક, આઉટ ગોઈંગ ખર્ચ તરીકે મુખ્યત્વે ગામડા અને પછાત વિસ્તારમાં વાપરવામાં આવનાર છે.

સ્થાયી સમિતિએ ડોર ટુ ડોર કલેક્શન ચાર્જમાં ૨૦ ટકા રહેણાંક વિસ્તારમાં તથા વાણિજ્ય વિસ્તારમાં ૨૩ ટકાનો ઘટાડો કર્યો છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા ગાંધીનગર મનપાને નળ, ગટર, રસ્તા અને અન્ય સંલગ્ન સેવાઓ સોંપવા ગંભીરપણે વિચારી રહેલ છે તે માટે વહીવટીય-તકનીકી માળખુ ગોઠવવા આ બજેટમાં જોગવાઈ કરી ગત વર્ષ કરતાં મહેકમ ખર્ચમાં વધારો કરેલ છે પરંતુ રાજ્યની તમામ મહાનગરપાલિકાના મહેકમ ખર્ચ કરતાં ૫૦ ટકા મહેકમ ખર્ચ ઓછો થશે.

મહેકમ ખર્ચમાં કરકસરયુક્ત વહીવટમાં ગાંધીનગર મહાનગરપાલિકા અગ્રેસર છે તેમ કહી ચેરમેને કહ્યુ કે આ બજેટ ગ્રામ્ય અને ગરીબલક્ષી ગણાવીએ તો અતિશયોક્તિ નથી.

તેમણે જણાવ્યુ કે રેવન્યુ ખર્ચમાં ઘટાડો કરી અમે કરકસરભર્યા વહીવટનો સંદેશ આપી રહ્યા છીએ એટલુ જ નહિ મેયરની ગ્રાન્ટમાં પણ ખર્ચ બે હેડ નીચે ખર્ચ કરવાની જોગવાઈ કરી છે. કમિશ્નર, મેયર, વિપક્ષી નેતા, સ્થાયી સમિતિના ચેરમેન, ડે. મેયરને અપાતી આતિથ્ય સત્કારના ખર્ચની રકમમાં ઘટાડો કર્યો છે.

મેયરની ડિસ્કનરી ખર્ચની ગ્રાન્ટમાં પણ ઘટાડો કર્યો છે. આધાર કાર્ડ માટેના રજીસ્ટ્રેશન ખર્ચમાં અને કોમ્પ્યુટર રિપેરીંગ અને ઈ.વી.એમ. રિપેરીંગ ગ્રાન્ટમાં પણ ઘટાડો કરી કરકસરના પગલાં લીધા છે.

પરંતુ આવકના સાધનો જે ઉભા કરવામાં આવ્યા છે તેનુ સમર્થન બજેટમાં કરાયુ છે. અર્થાત આવક મેળવો અને સેવાઓનું સઘનીકરણ કરવાની દિશામાં આગળ વધવુ. વાહનવેરાની દરખાસ્તમાંથી થનારી આવક પણ વિકાસ માટે વપરાશે તેવી હૈયાધારણ આપી છે.

### સ્થાયી સમિતિએ કરકસરના પગલાં લીધા

સ્થાયી સમિતિએ ૫.૫૪ કરોડના રેવન્યુ ખર્ચમાં ઘટાડો કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જેમાં કમિશ્નર, મેયર, ડે. મેયર, ચેરમેન સ્થાયી સમિતિ, મહોત્સવ ખર્ચ, મેયરને અપાતી ડિસ્કશનરી ગ્રાન્ટ, આધારકાર્ડ માટેના ખર્ચમાં, આઉટ સોર્સિંગના પગાર ખર્ચમાં, પગાર ખર્ચમાં પેન્શનર્સને અપાતા બેનીફીટ ખર્ચમાં તેમજ ભરતી ખર્ચમાં ઘટાડો કરવાનું બજેટમાં સૂચવ્યું છે.

### કચરાનો નિકાલ જાતે કરતી સંસ્થાઓને વેસ્ટ કલેક્શન ચાર્જમાં ૫૦ ટકા રિબેટ

ગાંધીનગર શહેરમાં જે સંસ્થાઓ કચરાનો જાતે નિકાલ કરતી હોય તેઓને વેસ્ટ કલેક્શન ચાર્જમાં ૫૦ ટકા રિબેટ આપવાનો સ્થાયી સમિતિએ નિર્ણય કર્યો છે.

આવી ચારથી પાંચ સંસ્થાઓ જ હોવાનુ સ્થાયી સમિતિના ચેરમેન પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

### મેયરની ગ્રાન્ટમાં પાંચ લાખનો ઘટાડો કર્યો

મેયરને અપાતી ડિસ્કશનરી ગ્રાન્ટમાં રૂ. પાંચ લાખનો ઘટાડો કરવામાં આવ્યો છે. કમિશ્નરે ડ્રાફ્ટ બજેટમાં ૧૫ લાખ સૂચવ્યા હતા તેમાં પાંચ લાખનો ઘટાડો કરી દેવાયો છે. આ ઉપરાંત મેયરને જે રૂ. બે કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાં બે અલગ અલગ હેડ બનાવી વહીવટને સિમીત કરવાનો પ્રયાસ કરાયો છે.

### આવક એટલો જ ખર્ચ સમીકરણની બન્ને બાજુ સરખી

ચેરમેને જણાવ્યુ હતુ કે પછાત અને ગ્રામ્ય સુવિધાઓ પાછળ ગત વર્ષના બજેટ ખર્ચમાં બે-બે કરોડનો વધારો કરી ૮ કરોડની જોગવાઈ આ બજેટમાં કરાઈ છે. કર અને દરના વધારાને કારણે આવનારી ૪ કરોડની આવક પણ ૪ કરોડનો ખર્ચ કરી સમીકરણની બન્ને બાજુઓ સરખી દર્શાવાઈ છે.

અર્થાત આવક એટલી જ જાવક મુખ્યત્વે ગામડા અને પછાત વિસ્તારમાં જ વાપરવામાં આવનાર છે.

### સફાઈ દરમાં અપાયેલી રાહત

મ્યુ. કમિશ્નરશ્રીએ કર દર અને સફાઈ અંગે જે ભલામણ કરી હતી તેમાં ક્ષેત્રફળ મર્યાદા રહેણાંક વિસ્તારમાં ૧૦૦ ચો.મી. હતી તેની જગ્યાએ ૧૫૦ ચો.મી. કરી ૫૦ ટકા સ્લેબ વધારીને ૪૦ હજાર કરદાતાઓને સફાઈમાં ક્ષેત્રફળ આધારિત કરમાં રાહત મળશે. ડોર ટુ ડોર કલેક્શન ચાર્જીસમાં કમિશ્નર દ્વારા રહેણાંક વિસ્તારમાં ૨૦ ટકાનો અને વાણિજ્ય વિસ્તારમાં ૨૩.૫૦ ટકાનો ઘટાડો કર્યો છે.

### એડવાન્સ ટેક્સ ભરનારાઓને અપાતી રાહત વિસરાઈ

મનપામાં મિલ્કતવેરા સહિતના વેરા બિલ એડવાન્સમાં ભરી દેનારને ૧૦ ટકાનું તેમજ ડિજીટલ પેમેન્ટ કરનારને પ્રોત્સાહન પેટે અપાતુ ૨ ટકા ડિસ્કાઉન્ટ આપવાની વાત સ્થાયી સમિતિ આજે વિસરી ગઈ હોય તેવુ લાગે છે. આ અંગેની કોઈ સત્તાવાર જાહેરાત કે જોગવાઈ બજેટમાં કરાઈ નથી.

# રેલવે નજીક હોટલના પ્રોજેકટ સંદર્ભે અન્ડર બ્રિજ માટે દરખાસ્ત

**અન્ડર બ્રિજના નિર્માણ પાછળ રૂ ૩૦ કરોડનો ખર્ચ થશે**

ગાંધીનગર તા ૩ ગાંધીનગરમાં અત્યારસુધી હાંસિયામાં ધકેલાયેલા રેલવે સ્ટેશન તરફ વિકાસની દ્રષ્ટીએ ઓરમાયુ વર્તન દાખવવામાં આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો હતો. જો કે રેલવે સ્ટેશન પર હજુ મુસાફરલક્ષી સુવિધાઓ તેમજ નવી ટ્રેઈનો ફાળવવાના મામલે રેલવે મંત્રાલય દ્વારા ઉદાસીનતા સેવાઈ રહી છે. બીજીતરફ રેલવે સ્ટેશનને અડીને જ ફાઈવ સ્ટાર હોટલ પણ કરોડોના ખર્ચે નિર્માણ થઈ રહી છે. જેને અનુલક્ષી સ્ટેશન વિસ્તારનો નઝારો બદલાઈ રહયો છે. આ વિસ્તારમાં એક નવો બ્રિજ બાંધવા માટે પણ તંત્ર કક્ષાએથી દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. અન્ડર બ્રિજના નિર્માણ પાછળ રૂ ૩૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

ગાંધીનગરમાં કેપિટલ સ્ટેશનના વિકાસ માટે સ્થાનિક નાગરિકો તેમજ અનેકવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા થોકબંધ રજુઆતો કરવામાં આવી છે. આમછતા કેપિટલ સ્ટેશન પર હજુ સુધી યાત્રિકોલક્ષી સુવિધાઓ અપગ્રેડ થઈ નથી .જયારે કેપિટલ સ્ટેશનને વર્ષોની માંગણીના અંતે પણ નવી કોઈ ટ્રેઈન ફાળવવામાં આવી નથી. ગાંધીનગર સ્ટેશનને નવી ટ્રેઈન ફાળવવા માટે અનેકવાર

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બાકી આંતરિક માર્ગોની સુધારણા માટે વધુ ૨૨ લાખની દરખાસ્ત

ગાંધીનગર તા ૩ શહેરમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ ચાલી રહયુ છે. જયારે આગામી દિવસોમાં આ કામગીરી પુર્ણ થઈ જશે. શહેરના સેકટરોમાં રીંગ રોડ તેમજ આંતરિક માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે હજુ પણ સે-૨૦ થી ૩૦માં આંતરિક માર્ગોની દશા સુધારવા માટે વધુ ખર્ચ થાય તેમ છે. અલબત્ત બાકી માર્ગોનુ કામ હાથ ધરવા માટે તંત્ર કક્ષાએ રૂ ૨૨ લાખના ખર્ચના અંદાજ સાથે નવીન દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરી છે.

ગાંધીનગરમાં સેકટરોના આંતરિક માર્ગોની હાલત લાંબા સમયથી અત્યંત કંગાળ જોવા મળતી હતી. પાંચ વર્ષથી વધુ સમયના અંતે પણ માર્ગોની દશા સુધારવાનુ કામ હાથ ન ધરાતા સ્થાનિક રહીશોમાં પ્રબળ રોષ પ્રવર્તયો હતો. જયારે માર્ગોની જાળવણીના અભાવ વચ્ચે આંતરિક રસ્તાઓ પર મોટામસ ગાબડાઓ અસ્તિત્વમાં આવ્યા હતા. જયારે દિવાળીના અંતે શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. જો કે હજુ આ કામગીરી પુર્ણ થઈ નથી. અત્યારસુધી સેકટરોના રીંગ રોડને આવરી લેવાયા છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોને પણ ચકાચકા બનાવી દેવાયા છે. પરંતુ હજુ સેકટરોમાં સોસાયટીના અંદરના માર્ગોનુ કામ બાકી છે.

● અનુસંધાન પાન-૭ પર

# બજેટ પૂર્વે રાજ્ય મંત્રીમંડળના વિસ્તરણના સંકેતો

**મંત્રીમંડળમાં વધુ ચાર મંત્રીઓ અને સાત સંસદીય સચિવોને સમાવવા માટેની કવાયત હાથ ધરાઈ**

ગાંધીનગર, તા.૩ ગુજરાતમાં પાતળી બહુમતી સાથે બનેલી રૂપાણી સરકારના શાસનને એક મહિનો પૂરો થયો છે છતાં સરકારની રાજકીય ગતિ એકદમ ધીમી છે, ત્યારે વિધાનસભાના બજેટ સત્રમાં સરકારની અગ્નિપરિક્ષા થવાની છે. ત્યારે બજેટ સત્ર પૂર્વે મંત્રીમંડળના વિસ્તરણની દિશામાં સરકાર દ્વારા હિલચાલ શરૂ કરવામાં આવી છે. જેમાં ચાર મંત્રીઓ અને સાત સંસદીય સચિવોને સમાવવા માટેની પ્રક્રિયા ભાજપે શરૂ કરી છે.

ગુજરાતમાં બીજી વખત નીકળેલી વિજય રૂપાણી સરકારમાં મંત્રીઓના ખાતા ફાળવણી અને મંત્રીપદ મેળવવા માટેની બબાલો શરૂઆતથી જ ચાલી હતી. ખાસ કરીને સીનિયર મંત્રીઓએ ખાતાની ફાળવણીના મુદ્દે નારાજગીઓ વ્યક્ત કરી હતી. ઉપરાંત મંત્રીમંડળમાં નવા ચહેરાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે, ત્યારે એક મહિના પૂર્વે રચાયેલી રૂપાણી સરકારમાં હજુ સુધી મંત્રીઓમાં આંતરિક સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે. નવી સરકારને એક મહિનો પૂરો થયો હોવા છતાં હજુ સુધી મંત્રીઓના પીએ, પીએસની નિમણૂકો કરવામાં આવી નથી. મંત્રીઓના શિડ્યૂલ અને જવાબદારીઓ હજુ સુધી ચોક્કસપણે ઘડવામાં આવી નથી.


સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની
નવમી માસિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



તમે એક પલમાં જીંદગીનું સંભારણું બની ચાલ્યા ગયા, જીંદગી હતી ટુંકી છતાં લાગણી ઘણી મુકી ગયા. જીવ્યા થોડુ પણ જીતી ગયા ઘણું, હસીને હસાવનાર રડાવી ચાલ્યા ગયા. પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ

રમેશભાઈ ભલાભાઈ પટેલ
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

info City Club & Resort
PRESENTS
CANDLE LIGHT BUFFET DINNER
WITH LIVE ORCHESTRA & SURPRISE GOODIES FOR ALL
PER COUPLE @ Rs.1500 + GST




FOR BOOKING CALL : +91 99099 06372
DATE & TIME
14th February, 2018 / 7:00 pm to 10:00 pm
VENUE
Infocity Club & Resort, Indroda Circle, SG Highway, Gandhinagar - 382 009. INDIA.
www.infocityclub.net I info@infocityclub.net
*T&C apply.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com